ગાંધીનગર સમાચાર

## સેકટરોમાં વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ શરૂ

# ૨૧.૭૭ લાખની નવી નોટો સાથે ગાંધીનગરની ગેંગ પકડાઈ

**અમદાવાદ એસઓજીની ટીમે બાતમીને આધારે સી.જી. રોડ પાસેથી ચારની ધરપકડ કરી**



ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદ એસઓજીની ટીમે બાતમીને આધારે અમદાવાદ સી.જી. રોડ પાસેથી રૂ. ૨૧.૭૭ લાખની નવી નોટો ભરેલી બેગો સાથે ગાંધીનગરની ગેંગને પકડી પાડી છે. પકડાયેલા ચાર શખ્સો પૈકી ત્રણ શખ્સો ગાંધીનગરના અલગ અલગ વિસ્તારના છે. નવી નોટો બ્લેકના વ્હાઈટ કમીશન બેન્ડ પર કરીને લાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. એસઓજીએ ગુનો નોંધી ચારેયની ધરપકડ કરી આયકર વિભાગને જાણ કરવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદ એસઓજી પીઆઈ બી.ડી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે કેટલાક શખ્સો જુની રૂ. ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો બદલી નવી નોટો લેવા આવનાર છે. કમીશન પર જુની નોટો લઈને નવી આપવાનું કામ કરવા આવેલા આ શખ્સોની વૉચ ગોઠવી ટીમે સીજી રોડ પાસે તનીષ્ક શૉ રૂમ પાસેની ગલીમાંથી ચારને દબોચી લીધા હતા. તેમની પાસેથી મળેલા થેલા તપાસતા રૂ. ૨૧,૭૭,૬૫૦ની નવી ચલણી નોટો મળી આવી હતી. જેમાં રૂ. ૫૦૦ અને રૂ. ૨૦૦૦ની નોટો ઉપરાંત રૂ. ૧૦, ૨૦ અને ૫૦, ૧૦૦ની પણ નોટોના બંડલ હતા.

પકડાયેલા ચાર પૈકી ત્રણ શખ્સો ગાંધીનગરના હોવાનું ખુલ્યુ છે. સે. ૫-એ પ્લોટ નં. ૨૮૧/૨ ખાતે રહેતા પિયુષ દીલીપસિંહ સોલંકી, જીઈબી કોલોની મકાન નં. ૨૨/૧ ખાતે રહેતા પ્રદિપ ગમાન સીંધા,

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધીથી અર્થકારણમાં નવી ચેતનાનો સંચાર

**કોબા કમલમ્ ખાતે ભાજપના સાંસદો, ધારાસભ્યો અને પદાધિકારીઓને સંબોધતા પ્રધાનમંત્રીએ કેશલેસ વ્યવહારો માટે પ્રચાર અભિયાન ચલાવવા અનુરોધ કર્યો**

ગાંધીનગર, તા. ૧૦

આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રધાનમંત્રી પદે આરૂઢ થયા બાદ પ્રથમવાર નરેન્દ્રભાઈએ મુલાકાત લીધી હતી. સંગઠનમાં વર્ષો સુધી પક્ષમાં વિવિધ જવાબદારીઓ નિભાવનાર પ્રધાનમંત્રીએ ખૂબ આત્મીય ભાવથી પ્રદેશ કાર્યાલય પધારીને સમગ્ર સંગઠનમાં એક સકારાત્મક, પારિવારીક અને ઉર્જાવાન વાતાવરણ નિર્મિત થયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યભરમાંથી આવેલા તમામ જીલ્લાઓના સંગઠનના પદાધિકારીઓ, સાંસદો તથા ધારાસભ્યોની સાથે પ્રધાનમંત્રીએ મુક્ત મને વાર્તાલાપ કર્યો હતો.

પ્રધાનમંત્રી તરીકેની જવાબદારી સ્વીકાર્યા બાદ પોતાના અનુગામી તરીકે કાર્ય કરનાર રાજ્યના મુખ્યમંત્રીઓ તથા ટીમ ગુજરાતની કાર્યપ્રણાલીની પ્રધાનમંત્રીએ પ્રસંસા કરી હતી. વિકાસની બાબતમાં ટીમ ગુજરાતે કાઠુ કાઢ્યું છે તથા રપરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે તેમ જણાવી પ્રધાનમંત્રીએ સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. વિકાસના કાર્યોની એક આગવી પ્રમાલિકા પ્રસ્થાપિત કરીને ટીમ ગુજરાતે સમગ્ર દેશને દિશા દર્શન કરવાનું મહત્વનું કાર્ય કર્યુ છે તેમ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર




# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માતા હીરાબાના આશીર્વાદ મેળવ્યા

ગાંધીનગર, તા. ૧૦

બનાસકાંઠાના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવાઈ માર્ગ ગાંધીનગર પહોંચ્યા પછી સીધા જ રાયસણ ખાતે પોતાના માતા હીરાબાના ઘરે પહોંચ્યા હતા અને માતાને પગે લાગી આશીર્વાદ મેળવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે આજે બનાસ ડેરીના પ્રોજેક્ટના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં હાજરી આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડીસા આવ્યા હતા. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નરેન્દ્ર મોદી હેલીકોપ્ટર દ્વારા ગાંધીનગર સચિવાલય હેલીપેડ ખાતે આવી પહોંચ્યા હતા.

ગાંધીનગરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી માત્ર બે ગાડી લઈને રાયસણ ખાતે આવેલા પોતાના ભાઈના ઘરે ગયા હતા. જ્યાં માતા હીરાબાને મળીને પગે લાગી આશીર્વાદ મેળવ્યા હતા. માતા હીરાબાના આશીર્વાદ મેળવી નરેન્દ્ર મોદી સીધા જ પ્રદેશ ભાજપ કમલમ્ કાર્યાલય ખાતે ગયા હતા.

# પંચાયત જંગમાં ૪૦૭૨ ઉમેદવારો મેદાનમાં

**છેલ્લા દિવસે પણ ૧૩૩૨ ઉમેદવારી પત્રો ભરાયા : સરપંચપદ માટે ૯૬૭ ઉમેદવારો તો સભ્યપદ માટે ૩૧૦૫ ઉમેદવારો**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં ૧૯૪ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ૪૦૭૧ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે જેમાં સરપંચ પદ માટે ૯૬૭ અને સભ્યપદ માટે ૩૧૦૫ ઉમેદવારોએ ઝુકાવ્યું છે.

જિલ્લામાં સરપંચ પદ માટે ૧૯૪ બેઠકો છે જેમાં ૯૭ બેઠકો મહિલાઓ માટે અનામત છે. ૧૯૪ બેઠકો માટે ૯૬૭ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉમેદવારોની સંખ્યા જોતાં જિલ્લામાં સમરસ પંચાયતો બનવાની શકયતા નહિવત હોવાનું રાજકીય વર્તુળો માની રહ્યા છે.

વોર્ડના સભ્યપદની ૧૭૮૦ બેઠકો માટે ૩૧૦૫ ઉમેદવારોએ મેદાનમાં ઝુકાવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કેટલાક ગામોમાં વોર્ડ દીઠ એક ફોર્મ ભરાયાની વાતો બહાર આવી છે પરંતુ આખું ચિત્ર મંગળવારે ચકાસણીના અંતે સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારમાં જામેલો ચૂંટણીનો માહોલ રસાકસીભર્યો લાગી રહ્યો છે. ઉત્તેજનાઓ પણ ચરમસીમા પર પહોંચી છે.

આજે ગઈકાલ જેટલા જ સરેરાશ ફોર્મ અંતિમ દિવસે ભરાયા છે. આજે સૌથી વધુ ફોર્મ દહેગામમાં ૬૩૭ ભરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગઈકાલ કરતાં ૫૬ ઉમેદવારી પત્રો અંતિમ દિવસે ઓછા ભરાયા..!!

**૯મીએ ગાંધીનગરમાં ૬૭૫ ઉમેદવારી પત્રો ભરાયા તો આજે દહેગામમાં ૬૩૭ ઉમેદવારી પત્રો ભરાયા : ઉમેદવારોને સમજાવી ફોર્મ પાછુ ખેંચાવવાની બેઠકો શરૂ**

ગાંધીનગર, તા. ૧૦

તા. ૯મીની તુલનામાં તા. ૧૦મીએ પંચાયતની ચૂંટણી માટે ૫૬ જેટલા ઉમેદવારી પત્રો ઓછા ભરાયા હોવાને લઈ અનેક રાજકીય તર્ક વિતર્ક થવા લાગ્યા છે.

૯મીએ ૧૩૮૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા જ્યારે ૧૦મીએ ૧૩૩૨ ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હતો. પરંતુ ૫૬ જેટલા ઉમેદવારી પત્રો ગઈકાલની તુલનામાં ઓછા ભરાયા છે.

આજે સૌથી વધુ ઉમેદવારી પત્રો દહેગામમાં ૬૩૭ ભરાયા છે. જો કે ૯મીએ ગાંધીનગર તાલુકામાં એક જ દિવસમાં ૬૭૫ ઉમેદવારી પત્રો ભરાયા હતા તે આ વખતની ચૂંટણીમાં સૌથી નોંધનીય ઘટના છે. દહેગામમાં ગઈકાલે ૪૯૫ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

દહેગામમાં આજે સરપંચ પદ માટે ૧૨૬ ઉમેદવારી પત્રો ભરાયા છે. ગઈકાલે ૧૩૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા તે પણ ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનુ કામ શરૂ

ગાંધીનગર તા ૧૦

શહેરમાં સ્થિત વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. વનતંત્ર દ્વારા નવી ફેન્સીંગ ફીટ કરવા માટે અંદાજિત રૂ ૯૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે વનતંત્ર દ્વારા ફેન્સીંગને નવો કલર કોડ પણ આપવામાં આવશે. હાલ સેકટરોમાં આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સેકટરોમાં સ્થિત વન વિભાગની જગ્યામાં દબાણ અને ગંદકીની સમસ્યાને ડામવા અને વૃક્ષાને રક્ષણ પુરુ પાડવા માટે ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં હાલ જુની ફેન્સીંગના દુર કરવામાં આવશે. નવા પોલ્સ સાથે અને વિશિષ્ટ કલરકોડ સાથે નવી ફેન્સીંગ ફીટ કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. હાલ સેકટરોમાં પણ વન આરક્ષિત જગ્યામાં દબાણો તેમજ ગંદકીની સમસ્યાએ ભરડો લીધો છે. જેના લીધે નજીકના રહેણાંક વિસ્તારમાં રહીશોને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવે છે.

જો કે હાલ આ ઠેકાણે પણ ફેન્સીંગનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. સેકટર- ૨માં પણ ફેન્સીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત વન વિભાગની જગ્યામાં મહત્તમ રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બીજીતરફ વનતંત્ર દ્વારા આગામી ચોમાસુ વાવેતરને ધ્યાને લઈ અત્યારથી જ તૈયારી કરવાનુ આયોજન કરી દિધુ છે. ચોમાસા દરમિયાન મહત્તમ વાવેતર થાય તે માટે પણ ખાડાઓ ખોદવાની કામગીરી ટુંકમાં જ શરૂ કરી દેવાશે.

# ગુણોત્સવ હવે ૧૯થી ૨૧ જાન્યુઆરી દરમ્યાન યોજાશે

**ધો. ૬ થી ૮માં વાંચન-લેખન-ગણન ઉપરાંત ઓએમઆર શીટથી પણ ખાસ ટેસ્ટ લેવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા હવે ગુણોત્સવ ૧૯, ૨૦, ૨૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ યોજવામાં આવશે તેની સત્તાવાર જાહેરાત રાજ્યના શિક્ષણ વિભાગે કરી દીધી છે.

પંચાયતોની સામાન્ય ચૂંટણીને પગલે ડિસેમ્બરમાં આ ગુણોત્સવ જે યોજવાનો હતો તે મોકુફ કરી હવે નવી તારીખો જાહેર કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા સુધારણા પર ભાર મુકવા માટે છેલ્લા ૬ વર્ષથી ગુણોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આ નવા ગુણોત્સવનું આયોજન તૈયાર કરવા માટે જિલ્લાઓના શિક્ષણતંત્રને સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ધો. ૧ થી ૫ ના બાળકોનું વાંચન-લેખન અને ગણનનું મૂલ્યાંકન કરવામાં આવશે. જ્યારે ૬ થી ૮માં વાંચન-લેખન-ગણન સાથે વિદ્યાર્થીની ઓએમઆર શીટ્‌સમાં વિશેષ મૂલ્યાંકન પણ કરવામાં આવનાર છે.

શૈક્ષણિક મૂલ્યાંકનના ૬૦ ટકા માર્કસ, ૨૦ ટકા ભૌમિક સુવિધાના અને ૨૦ ટકા સહ અભ્યાસ પ્રવૃત્તિના આપી ૧૦૦ માર્કસ મૂલ્યાંકનમાંથી અપાશે.

લેખિત મૂલ્યાંકનની ઓએમઆર શીટ વિદ્યાર્થીના યુનિક આઈ.ડી. નંબર સાથે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે તે જાન્યુઆરીના પ્રથમ પખવાડિયાના અંત સુધીમાં જે તે જિલ્લા મથકો પર પહોંચી જશે તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ વખતના ગુણોત્સવ માટે વિશેષ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં એક વિશેષ ફોર્મ દરેક અધિકારી માટે ફિડ બેંક તરીકે આપવામાં આવશે જેમાં ઘણા બધા મુદ્દાઓ આવરી લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com